નવ ગુજરાત સમય, પાના નંબર- ૦૨,
તારીખ :- ૨૨/૦૫/૨૦૨૬.

# મેટ્રોનો ઉપયોગ વધારવા સ્ટેશન નજીક પાર્કિંગ માટે 17 પ્લોટ નક્કી

- **નાગરિકો ખાનગી વાહનનો ઉપયોગ ઘટાડીને મેટ્રો-બસનો ઉપયોગ કરે તે માટે લેવાયેલો નિર્ણય**

નવગુજરાત સમય > અમદાવાદ

મિડલ ઈસ્ટમાં છેડાયેલાં યુધ્ધનાં કારણે ક્રુડઓઈલની તંગી અને વધતી જતી કિંમતોનાં પગલે નાગરિકો ખાનગી વાહનોનો ઉપયોગ ઘટાડી મેટ્રો અને બસ સેવાનો ઉપયોગ વધારે તે માટે મ્યુનિ.એ મેટ્રો સ્ટેશનો પાસે પાર્કિંગની સુવિધા માટે ૧૭ પ્લોટ નક્કી કર્યા છે.

મ્યુનિ. એસ્ટેટ ઓફિસર હિતેન્દ્ર મકવાણાએ વધુ માહિતી આપતાં જણાવ્યું હતું કે, શહેરીજનો અંગત વાહનોનો વપરાશ ઘટાડે તો તેનાથી ટ્રાફિક, પર્યાવરણ અને વિદેશી હૂંડિયામણ સહિત અનેક બાબતોનો ફાયદો થાય તેમ હોઈ એએમટીએસ બાદ બીઆરટીએસ અને પછી મેટ્રો રેલ શરૂ કરવામાં આવ્યા છે.

જોકે કેટલાય નાગરિકો એવા છે કે, જેઓ તેમનાં વાહન લઈ સ્ટેશન સુધી આવે પછી મેટ્રો અને બીઆરટીએસનો ઉપયોગ કરવા માંગતા હોય છે. પરંતુ મેટ્રો સ્ટેશન નજીક પાર્કિંગની કોઈ નક્કર અને યોગ્ય વ્યવસ્થા નહિ હોવાનાં કારણે લોકો મેટ્રોનો ઉપયોગ કરતાં ખચકાય છે.

મેટ્રો સ્ટેશન ખાતે પાર્કિંગની સુવિધાનાં અભાવની બાબત કમિશનર બંછાનિધિ પાનીનાં ધ્યાને આવતાં તેમણે મ્યુનિ. એસ્ટેટ વિભાગને મેટ્રો સ્ટેશન આસપાસ મ્યુનિ.નાં રિઝર્વ પ્લોટ પાર્કિંગ માટે શોધી આપવા સૂચના આપી હતી, તેવી માહિતી આપતાં એસ્ટેટ ઓફિસરે કહ્યું કે, વસ્ત્રાલ, સાબરમતી, થલતેજ વગેરે મેટ્રો સ્ટેશનથી ૧૦૦ મીટરથી લઈને ૫૦૦ મીટર સુધીનાં અંતરમાં પાર્કિંગ માટે પ્લોટ આઈડેન્ટીફાય કરવામાં આવ્યા છે અને આ પ્લોટમાં પેવર બ્લોક, વૃક્ષારોપણ વગેરે પ્રકારે ડેવલપ કરી પાર્કિંગ માટે ફાળવવામાં આવશે.

તેમણે કહ્યું કે, મેટ્રો સ્ટેશન આસપાસ પાર્કિંગનાં ૧૭ પ્લોટનુ લિસ્ટ ગૂગલ ઉપર પણ મુકી દેવામાં આવ્યુ છે, જેનાથી વાહનચાલકોને પ્લોટ શોધીને પાર્કિંગ કરવામાં સરળતા રહેશે.